# બીજા દિવસે પણ RTOના AI ટ્રેક ટેસ્ટમાં 33માંથી 26 નાપાસ

**બીજા** દિવસે ટુ-વ્હીલરમાં 50માંથી 46 પાસ થયા, પહેલા દિવસે પણ ફોરવ્હીલમાં માત્ર 3 જ પાસ થયા હતા

સુરતઃ આરટીઓમાં શરૂ થયેલા AI ટેસ્ટ ટ્રેકને કારણે સતત બીજા દિવસે પણ ફોરવ્હીલ માટે પરીક્ષા આપવા આવેલા 33માંથી 26 નાપાસ થયા હતા. જ્યારે 50 ટુ-વ્હીલર ચાલકોએ મોટરસાયકલ અને સ્કૂટર પર ટેસ્ટ આપી હતી. જેમાંથી 46 ચાલકો સફળતાપૂર્વક પાસ થઈ ગયા હતા. આ અગાઉ એઆઈ ટ્રેકના પહેલા દિવસે ગઈકાલે સોમવારે તા. 15 જૂને ડ્રાઈવિંગ ટેસ્ટની કામગીરી છેક સાંજે 4 વાગ્યે શરૂ થઈ હતી. ત્યાર બાદ ફોરવ્હીલના માત્ર 20 જ ટેસ્ટ લેવાયા હતા, જેમાંથી 17 અરજદાર ફેઈલ થયા હતા. જ્યારે ટુવ્હીલરના 18 ટેસ્ટ લેવાયા હતા તે પૈકી 15 પાસ થયા હતા.

### અરજદારો સારથી સોફ્ટવેરમાં ખામીને પગલે ભારે હેરાન થાય

આરટીઓ સંબંધિત કામગીરીને ડિજિટલ અને ઝડપી બનાવવાના દાવા વચ્ચે સરકારી સિસ્ટમના ધાંધિયા ફરી એકવાર ચર્ચામાં છે. સુરત આરટીઓ ખાતે લાયસન્સ માટેની ટેસ્ટ આપવા આવતા અરજદારો માટે ‘સારથી સોફ્ટવેર’ માથાનો દુઃખાવો બની ગયું છે. સોફ્ટવેરમાં સર્જાયેલી ટેકનિકલ ખામીના કારણે સતત બીજા દિવસે ઓટોમેટેડ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ડ્રાઇવિંગ ટ્રેકની કામગીરી ખોટકાઈ હતી. સર્વર ડાઉન રહેતા કલાકો સુધી ટેસ્ટિંગ પ્રક્રિયા અટકી પડી હતી, જેના કારણે દૂર-દૂરથી આવેલા સેંકડો અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વેપારીઓ અને લોકોમાં વહીવટી તંત્ર પ્રત્યે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

# પાલ, ગૌરવપથના ખુલ્લા પ્લોટમાં લાગેલી આગ 20 કલાકે કાબૂમાં આવી

**આગ** ઓલવવા માટે પાંચથી વધુ ફાયર એન્જિન અને જેસીબી મશીનોની મદદથી કાબૂમાં લેવાઇ




સુરતઃ પાલ ગામ નજીક ગૌરવપથ રોડ પર આવેલા એસએમસીના ખુલ્લા પ્લોટમાં ગાર્ડન વિભાગ દ્વારા વૃક્ષોના કાપકૂપ બાદનો વેસ્ટ કચરો અને સૂકા પાંદડા લાંબા સમયથી ડંપ કરવામાં આવતા હતા. સોમવારે રાત્રે આશરે 8:30 વાગ્યે આ કચરાના ઢગલામાં આગ ભભૂકી ઊઠી હતી. સૂકો અને જ્વલનશીલ કચરો વધુ પ્રમાણમાં હોવાથી આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘટનાની જાણ થતાં ફાયર કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક પાલનપુર, મોરાભાગળ, અડાજણ અને જહાંગીરપુરા ફાયર સ્ટેશનોમાંથી ફાયર બ્રિગેડની ટીમોને રવાના કરવામાં આવી હતી. કુલ પાંચથી વધુ ફાયર એન્જિન, ફાયર ફાઈટરો અને જેસીબી મશીનો સાથે બચાવ અને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ફાયર ઓફિસર ગિરીશ શેલરે જણાવ્યું હતું કે આગ કચરાના ઢગલાના અંદરના ભાગ સુધી ફેલાઈ જતાં કામગીરી વધુ પડકારજનક બની હતી. આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવા માટે આખી રાત ફાયર ફાઈટિંગ ચાલુ રાખવામાં આવ્યું હતું. મંગળવારે બપોરે આશરે 4 વાગ્યે આગ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.

આ ઘટનાને પગલે પાલ વિસ્તારમાં વાયુ પ્રદૂષણ અને ગાઢ ધુમાડાની સમસ્યા ઊભી થઈ હતી.

સ્થાનિક રહિશોમાં રોષ જોવા મળ્યો હતો અને ખુલ્લા પ્લોટોમાં કચરાના સંગ્રહ તથા તેની સુરક્ષા વ્યવસ્થાને લઈને તંત્ર સામે પ્રશ્નો ઊઠ્યા હતા. સ્થાનિકોએ ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે યોગ્ય આયોજન અને કડક દેખરેખની માંગ કરી છે.

### આગ બુઝાવવા બે લાખ લિટર પાણીનો વપરાશ

ફાયર વિભાગે અંદાજે બે લાખ લિટરથી વધુ પાણીનો ઉપયોગ કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાસ્થળ નજીક આવેલી ઇન્ટેક્ટ વેલમાંથી પણ સતત પાણી મેળવવામાં આવ્યું હતું. બે જેસીબી મશીનો દ્વારા કચરાના ઢગલાને વારંવાર ઉલેચવામાં આવ્યો હતો. જેથી તળિયે સળગતા ભાગ સુધી પાણી પહોંચી શકે. લગભગ 20 કલાક સુધી ચાલેલી કામગીરી બાદ આગ સંપૂર્ણપણે ઓલવાઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા એકપાત્રિય અભિનય સ્પર્ધા યોજાઈ



સુરતઃ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા પહેલીવાર બી. ડી. એન્ડ કંપની પુરસ્કૃત એકપાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન રવિવાર, ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ વજુભાઈ ટાંક હોલ, શાહપોર મુકામે કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન જાણીતા નાટ્યકાર પદ્મશ્રી યઝદી કરંજિયાના વરદ હસ્તે થયું. યઝદીભાઈએ સંસ્થાની નાટ્યપ્રવૃત્તિને બિરદાવી હતી. સંસ્થાના પ્રમુખ રૂપીન પચ્ચીગરે સંસ્થાની નાટ્યપ્રવૃત્તિનો ચિતાર આપ્યો હતો. સમારોહમાં રૂપીન પચ્ચીગરે ‘માલવપતિ મુંજ’ અને ભરત ભાવસારે ‘અનવોન્ટેડ મેન’ એકોક્તિ રજૂ કરી હતી. ત્યારબાદ ગુજરાતભરમાંથી આવેલી ૨૨ કૃતિઓની સ્પર્ધા થઈ. સ્પર્ધાના અંતે નિર્ણાયકો દ્વારા પ્રથમ ઇનામ આદર્શ પાનસુરિયા, નવસારી (કૃતિ : બાય પોલર) દ્વિતીય ઇનામ ગૌતમ સુવાગિયા, સુરત (કૃતિ : ડર) તૃતીય ઇનામ મીતા દીક્ષિત, સુરત (કૃતિ : મૃણાલ)ની જાહેરાત કરી હતી. જ્યારે પ્રોત્સાહન ઇનામો સોનલ પંચાલ, ક્રિષ્ણા શાહ અને અરુક્ષા મજમુદારને આપવામાં આવ્યા હતા. ઇનામ વિતરણમાં પદ્મશ્રી યઝદી કરંજિયા અને કપિલદેવ શુક્લ હાજર રહ્યા હતા. કપિલદેવ શુકલને મળેલા કેન્દ્રીય સંગીત નાટક અકાદમીના એવોર્ડ બદલ સન્માન કરાયું હતું. સ્પર્ધાને સફળ બનાવવા માટે રૂપીન પચ્ચીગર, ભરત ભાવસાર, મેહુલ શર્મા, હિમાંશુ ભટ્ટ,પૂર્ણિમા ભટ્ટ, ડો. દિલીપ શાસ્ત્રી, પ્રવીણ સરાધિયા, ચેતના પુરોહિત અને તેજસ ટેલરે અથાગ મહેનત કરી હતી.

### પાલ ગ્રામ વિકાસ સહકારી મંડળીના નવા હોદ્દેદારો વરાયા




સુરતઃ પાલ ગ્રામ વિકાસ સહકારી મં.લિ.ની 76મી વાર્ષિક સાધારણ સભા ગત તા.7મી જુનના રોજ યોજાઈ હતી. જેમાં સતત 29 વર્ષથી પ્રમુખ કિરીટભાઇ રામુભાઇ પટેલની બીજા પાંચ વર્ષ માટે પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે પ્રફુલ્લભાઇ જયંતિભાઇ પટેલ અને વ્યવસ્થાપક કમિટીમાં નિતીનભાઇ છગનભાઇ પટેલ, નિલેશભાઇ સુરેશભાઇ પટેલ, હસમુખભાઇ અંબારામભાઇ પટેલ, ધનસુભાઇ મોતીરામભાઇ પટેલ, પિન્ટુ અશોકભાઇ પટેલ, ભરતભાઇ ચીમનભાઇ પટેલ, અલ્પેશભાઇ રમણભાઇ પટેલ, કલ્પેશભાઇ જશવંતભાઇ પટેલ, પરેશભાઇ ઇશ્વરભાઇ પટેલ, શ્રીમતી જયોતિબેન કમલેશભાઇ સુરતી તેમજ શ્રીમતી પ્રિયંકાબેન નિકુલભાઇ પટેલની વરણી કરવામાં આવી હતી.

### મોહર્રમનો ચાંદ દેખાયો, ઇસ્લામી નવા વર્ષનો આજથી પ્રારંભ

સુરતઃ રાંદેર ચાંદ કમિટી તેમજ સુરત રૂયતે હિલાલ (ચાંદ) કમિટી તરફથી એલાન કરવામાં આવ્યું હતું કે, હિજરી સન ૧૪૪૮નો ચાંદ તા.16મીના રોજ મંગળવારે દેખાયો હોવાથી માહે મુહરરમુલ હરામનો પહેલો ચાંદ તા.17 જુનને બુધવારે ગણવો. યોમે આશુરાહ 10 મોહર્રમ તા.26/06/2026ના શુક્રવારે મનાવવામાં આવશે.

### સુરતમાં ચારને બદલે બે જ ગ્રાહક અદાલત, હાલાકી અંગે દિલ્હીમાં રજૂઆત

સુરતઃ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં વકીલો અને અરજદારોને પડતી મુશ્કેલીઓનો મામલો હવે દિલ્હી પહોંચ્યો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય એડવોકેટ પ્રીતિબેન જોષી, અનિરુદ્ધસિંહ ઝાલા, હરેશભાઈ નાકરાણી, હિરલ પાનવાલા અને ભરતભાઈ ભગતે કેન્દ્રાય રાજય મંત્રી નિમુબેન બાંભણીયાને મળી લેખિત રજૂઆત કરી હતી. પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે, ૪ મંજૂર ફોરમ સામે સુરતમાં માત્ર ૨ જ કાર્યરત છે, જેમાં સ્ટાફ અને ફૂલ ટાઇમ પ્રમુખ કે સભ્યોના અભાવે ન્યાયમાં વિલંબ થાય છે. ફાઈલિંગથી લઈ હુકમની નકલો મેળવવા સુધી વકીલો અને ગ્રાહકો ભારે હાલાકી ભોગવે છે. તેમણે કાયમી પ્રમુખ-સ્ટાફની નિમણૂક, સ્ટેટ કમિશનની બેન્ચ અને મગદલ્લા નવી બિલ્ડિંગમાં પૂરતી જગ્યા ફાળવવા માંગ કરી છે. ગ્રાહકોના હિતમાં તાકીદે ઉકેલ લાવવા કરાયેલી આ રજૂઆત સામે મંત્રીએ સકારાત્મક પ્રતિભાવ આપ્યો છે.

### વિશ્વ રક્તદાતા દિવસે ‘બુર્ઝગો કા હમસફર’ કાર્યક્રમ યોજાયો



સુરતઃ વિશ્વ રક્તદાતા દિવસના સંદર્ભમાં ફેમિલી ફિઝિશિયન એસોસિએશનના પ્રોજેક્ટ ‘બુર્ઝગો કા હમસફર’નું આયોજન વરિષ્ઠ નાગરિક પરિવાર, વેસુના સભ્યો સાથે કરાયું હતું. જેમાં ડો. જયેન્દ્ર કાપડીયાએ રક્તદાનનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે 139 વખત રક્તદાન કરનાર હેમંત કણીયાનું સન્માન કરાયું હતું. ડો.દીપક તોરાવાલાએ વરિષ્ઠ નાગરિકોમાં રસીકરણની ઉપયોગિતા સમજાવી હતી. એસો. ના પ્રમુખ ડો.અજીત મહેશ્વરીએ હાજર રહી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી. બાદમાં ઈલા અને ડો. દિપક તોરાવાલા, પારુલ અને ડો.જયેન્દ્ર કાપડિયા તેમજ ડો. જયેશ તમાકુવાળાએ ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. વિનોદ અગ્રવાલે આયોજનમાં તેમજ કિરીટ દોશીએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

### સુખ અને દુઃખ તો સંસારરૂપી રથનાં બે પૈડાં છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈ થાણા સ્થિત શ્રી રાજસ્થાન શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણીનું આચમન કરાવતા ધર્મસભા સમક્ષ કહ્યું હતું કે, જીવનમાં કોઈપણ ક્ષેત્રે દુઃખ આવે ત્યારે પીપરમેન્ટની જેમ ચૂસવાનું બંધ કરી ગળી જતાં શીખો. સુખ અને દુઃખ તો સંસારરૂપી રથનાં બે પૈડાં છે. જીવનરથ આ બે પૈડાંથી જ ચાલે છે. સંસારમાં ભલભલા માર્કેટો ધમધમી રહ્યા છે. કચરાનું પણ એક માર્કેટ છે. જૂના મકાનને ધ્વસ્ત કરો છો ત્યારે એના કાટમાળનો કે ઈંટ-મંટોડાનું પણ માર્કેટ છે. ઘરમાં કેટલીય એવી ચીજો હોય છે કે જેનો કોઈ ઉપયોગ હોતો નથી. એ ચીજોને ભંગારના માર્કેટમાં વેચવામાં આવે છે. ન્યૂઝપેપરોનો ઢગલો થાય ત્યારે એને પસ્તીના માર્કેટમાં વેચીને રોકડી કરાય છે. રેતી, ઈંટ, સિમેન્ટ, કોંક્રિટ વગેરેનું પણ માર્કેટ બરાબર ધમધમતું હોય છે. ફાટેલી નોટોનું પણ માર્કેટ હોય છે.

# ડિંડોલીમાં મહિલાને નોટો બતાવી કહ્યું ‘હિરોઈન બહાર નીકળ’

**૧૧** માસની દીકરી સાથે ઘરમાં મહિલા એકલી હતી, પાડોશી મદદે આવતા નરાધમથી માંડ બચી

સુરતઃ નવાગામ વિસ્તારમાં એક લંપટ પાડોશીએ ઘરમાં ૧૧ મહિનાની માસૂમ બાળકી સાથે એકલી હાજર રહેલી પરિણીતાને ટાર્ગેટ બનાવી હતી. આ નરાધમ બળજબરીપૂર્વક મહિલાના ઘરમાં ઘૂસી ગયો હતો અને દરવાજો આંતરીને ઊભો રહી ગયો હતો. એટલું જ નહીં, રસ્તા પર નોટો બતાવી મહિલાની લાજ લેવાનો અને બિભત્સ આચરણ કરવાનો પ્રયાસ કર્યો હતો.

ડિંડોલી નવાગામ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી ૨૧ વર્ષીય કાજલ પટેલ (નામ બદલ્યું છે) એ પાડોશમાં રહેતા વિકૃત યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ગતરોજ રાત્રિના આશરે સવા આઠ વાગ્યાના સુમારે કાજલ બેન તેમના ઘરની અંદર ૧૧ માસની દીકરી કાવેરીને ઘોડિયામાં ઊંઘાડી રહ્યા હતા. તેમના પતિ અલથાણ ખાતે એકાઉન્ટન્ટ તરીકે નોકરી પર ગયા હોવાથી તેઓ ઘરે એકલા હતા. આ જ સમયનો ફાયદો ઉઠાવી સોસાયટીમાં જ પ્લોટ નં. ૭૦ પર રહેતો ચેતન બાગુલ નામનો શખ્સ સીડી ચઢી બારોબાર તેમના ઘરમાં ધસી આવ્યો હતો. ગભરાયેલી મહિલા દીકરીને ઘોડિયામાં જ મૂકીને બાજુમાં રહેતા પડોશી સંજયભાઈ પાટીલના રૂમ તરફ દોડી ગઈ હતી. લંપટ ચેતન પણ તેની પાછળ પાછળ ત્યાં પહોંચ્યો હતો અને ‘એ હિરોઈન ઘર બહાર નીકળ’ તેમ કહીને પોતાના હાથમાં રહેલી રૂપિયાની નોટો બતાવવા લાગ્યો હતો. આ જોઈ મહિલા ફરીથી પોતાની દીકરીને લેવા ઘર તરફ દોડી ત્યારે આરોપી ચેતને ઘરનો મુખ્ય દરવાજો આંતરી લીધો હતો અને મહિલાને બહાર જતાં રોકી દીધી હતી. આખરે પરિણીતાએ હિંમત ભેગી કરી ચેતનને જોરદાર ધક્કો માર્યો હતો અને ફરીથી પાડોશી સંજયભાઈના રૂમમાં ઘૂસી ગઈ હતી. જે બાદ પાડોશીએ ચેતનને ધક્કા મારીને નીચે ઉતારી દીધો હતો. આખરે મામલો બિચકતાં આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો. ડિંડોલી પોલીસે ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે આરોપી ચેતન બાગુલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# GST: મિસમેચની 2500થી વધુ નોટિસો, વેપારીઓમાં ગભરાટ

**નાણાંકીય** વર્ષના અંતે જૂની ડિમાન્ડ રિક્વરી કાઢવામાં આવતા મુશ્કેલી વધી

સુરતઃ જીએસટી (GST) વિભાગ દ્વારા ટેક્સ કલેક્શન અને રિટર્ન ફાઈલિંગમાં વિસંગતતાઓને દૂર કરવા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. મિસમેચના કિસ્સાઓમાં 2500થી વધુ નોટિસો ઈશ્યૂ કરતા વેપારી આલમમાં ભારે પરેશાની અને દોડધામનો માહોલ જોવા મળી રહ્યો છે. નાણાંકીય વર્ષ પૂરું થવાને આરે હોવાથી ટેક્સ ટાર્ગેટ પૂરા કરવા માટે મોટા પ્રમાણમાં નોટિસો ફટકારવામાં આવી રહી હોવાની ચર્ચા વેપારીઓમાં ચાલી રહી છે.

### સામાવાળાની ભૂલનો ભોગ બનતા સ્થાનિક વેપારીઓ

વેપારીઓ માટે સૌથી મોટી મુશ્કેલી એવા કિસ્સાઓમાં ઊભી થઈ છે. જ્યાં સામાવાળા વેપારીએ પોતાનું રિટર્ન ફાઈલ ન કર્યું હોય અથવા સમયસર ટેક્સ ન ભર્યો હોય. સામાવાળા વેપારીની આ બેદરકારીના કારણે મિસમેચની નોટિસો મળી રહી છે.

### વર્ષ 2021-22ની ખોટી ક્રેડિટ ફાઈલની સુઓમોટો નોટિસો

જીએસટી વિભાગ દ્વારા વર્ષ 2021-22ના સમયગાળા દરમિયાન લેવાયેલી ખોટી ક્રેડિટ ફાઈલ અંગે સુઓમોટો નોટિસો ઇશ્યૂ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ સાથે જ વિભાગ દ્વારા વર્ષો જૂની ડિમાન્ડ રિક્વરીઓ પણ બહાર કાઢવામાં આવી રહી છે. જેના કારણે વેપારીઓ કાયદાકીય ગૂંચવણોમાં ફસાયા છે.

### રિટર્ન ફાઈલિંગ ખોરવાયું

જીએસટી પોર્ટલ પર નોટિસ ઇશ્યૂ થવાના કારણે ટેકનિકલ અવરોધો ઊભા થયા છે. ટેક્સ પ્રોફેશનલ્સ અને વેપારીઓ કરન્ટ પિરિયડના રિટર્ન પણ નિયમિત રીતે ફાઈલ કરી શકતા નથી. વ્યાજ અને પેનલ્ટીનું ભારણ વધવાની આશંકા સેવાઈ રહી છે.

# ઉમિયા મંદિરના અતિથિ ભવનમાં યુવતીએ ઝેર પી આપઘાત કર્યો

**પ્રેમલગ્ન** બાદ પતિનું મોત થતાં એકલતામાં રહેતી યુવતીએ ભાવનગરથી સુરત આવીને પગલું ભર્યું

સુરતઃ વરાછા વિસ્તારમાં આવેલા ઉમિયા માતા મંદિરના અતિથિ ભવનમાં રોકાયેલી 22 વર્ષીય યુવતીએ ઝેર પી આત્મહત્યાનું પગલું ભરતા ચકચાર મચી ગઈ છે.

મૂળ વાવ-થરાદના વતની રીના અક્ષય બારૈયા (ઉં.વ.22) હાલમાં ભાવનગરના સ્ટેશન રોડ સ્થિત કુંભારવાડા નજીક ગિરનાર સોસાયટીમાં, બે વર્ષની પુત્રી સાથે રહેતી હતી. રીનાએ ત્રણ વર્ષ અગાઉ અક્ષય સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પ્રેમલગ્નને કારણે પિયર પક્ષે તેની સાથે સંબંધ તોડી નાંખ્યા હોવાનું જાણવા મળ્યું છે. ચારેક મહિના અગાઉ તેના પતિનું બીમારીને કારણે અવસાન થતાં તે માનસિક રીતે એકલી પડી ગઈ હતી. રીના સોમવારે સુરતના વરાછા અશ્વિનીકુમાર રોડ વિસ્તારમાં આવેલા ઉમિયા માતા મંદિરના અતિથિ ભવનમાં પોતાની પુત્રી સાથે ગેસ્ટ તરીકે આવીને રોકાઈ હતી. આજે સવારે તેણે રૂમમાં પોતાની બે વર્ષની પુત્રીની સામે જ ઝેર પી લીધું હતું. ઝેર પીધા બાદ તે અતિથિ ભવનના મેનેજર પાસે પહોંચી હતી અને તેમનો મોબાઈલ ફોન લઈને પોતાના પિતાને ફોન કર્યો હતો. ફોનમાં તેણે કહ્યું હતું કે, “પપ્પા, મેં ઝેર પી લીધું છે.” ઘટનાની જાણ થતાં અતિથિ ભવનના સ્ટાફે તાત્કાલિક રીનાને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડી હતી. જોકે ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

# સુપરવાઈઝરે કરેલા આપઘાતમાં કોન્ટ્રાક્ટર સામે દુષ્પ્રેરણાનો ગુનો

**કામ** પૂરું કરવા અને પોલીસ કેસમાં ફસાવી જાનથી મારી નાંખીશ તેવી રાકેશ શર્મા ધમકી આપતો હતો

સુરતઃ સિટીલાઇટ વિસ્તારમાં બાંધકામ સાઈટ પર સુપરવાઈઝર તરીકે કામ કરતાં આધેડે ઊંચી ઈમારત પરથી પડતું મૂકીને આત્મહત્યા કરવાના પ્રકરણમાં સુપરવાઈઝર સામે પોલીસે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે.

પાંડેસરા બમરોલી રોડ પર આવેલી દેવદર્શન સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય માંગીલાલ ભંવર સુથાર કન્સ્ટ્રક્શન સાઈટ પર સુપરવાઈઝર તરીકે નોકરી કરીને પોતાના પરિવારમાં પત્ની અને બે માસૂમ પુત્રોનું ભરણપોષણ કરતાં હતા. તેઓ સિટીલાઇટ રોડ પર આવેલા ‘નવ મંગલમ એપાર્ટમેન્ટ’ની સાઈટ પર ફરજ પર હતા, ત્યારે ત્યાં બિલ્ડિંગ પરથી નીચે કૂદી પડ્યા હતા. ગંભીર ઈજાઓ થવાને કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ કરુણ ઘટના અંગે મૃતક માંગીલાલના ૩૫ વર્ષીય નાના ભાઈ દિનેશ ભંવરલાલ સુથારે ઉમરા પોલીસ મથકમાં ગોડાદરા ખાતે રહેતા કોન્ટ્રાક્ટર રાકેશકુમાર તારાચંદ શર્મા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી રાકેશ શર્માએ માંગીલાલને પોતાની સાઈટનું સુપરવિઝનનું કામ સોંપ્યું હતું. કામ દરમિયાન આરોપી રાકેશ સતત માંગીલાલ પર દબાણ લાવતો હતો અને ધમકાવતો હતો કે, જ્યાં સુધી કામ પૂરું નહીં થાય ત્યાં સુધી તને અહીંથી જવા નહીં દઉં. એટલું જ નહીં, આરોપી તેમને ખોટા પોલીસ કેસમાં ફસાવી દેવાની અને જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ પણ આપતો હતો. માનસિક ત્રાસની સાથે સાથે કોન્ટ્રાક્ટર રાકેશ શર્માએ માંગીલાલને આર્થિક રીતે પણ તોડી નાંખ્યા હતા. તે માંગીલાલના કામના હકના પૈસા ચૂકવતો ન હતો અને મજૂરીના નાણાંમાંથી ખોટી રીતે કપાત કરવાની વાતો કરીને સતત હેરાન કરતો હતો. આ સતત મળતા માનસિક ત્રાસ, આર્થિક ભીંસ અને અસહ્ય દબાણને કારણે માંગીલાલ તીવ્ર ડિપ્રેશનમાં સરી પડ્યા હતા અને આખરે મોતની છલાંગ લગાવી દીધી હતી.

### ડભોલીમાં ફ્લેટમાં લોક બે વર્ષની બાળકીનું રેસ્ક્યુ

સુરતઃ ડભોલી ખાતે રાજ રત્ન એપાર્ટમેન્ટનાં બીજા માળ ઉપર ભરત ચૌહામ તેનાં પરિવાર સાથે રહે છે.આજે સવારે 11:00 કલાકે તેમનાં ફ્લેટમાં તેઓની બાળકી હિતાંશી રમી રહી હતી.દરમિયાન પવન ફૂકાતા રૂમનો દરવાજો ઓટો લોક વાળી સિસ્ટમનો હોવાથી તે બંધ થઈ ગયો હતો. અને બાળકી તેમાં ફસાઈ ગઈ હતી.પહેલાં ઘરમાં હાજર તેની માતાએ ધરવાજાને ઊધાડવાનો પ્રયાસ કર્યો હતો,પરંતુ તે નિશ્ફળ જતા ફાયર બ્રિગેડને તેની જાણ કરાતા ડભોલી ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ ઉપર પહોંટી ગયો હતો. ફાયર ઓફિસર ગિરિસ સેલરે જણાવ્યું હતું કે દરવાજાનુ લોક તોડવાને બદલે ફાયરનાં જવાનો બિલ્ડિંગનાં પાછલા ભાગે નિસરણી દ્વારા લોબી મારફતે રૂમમાં પ્રવેશ મેળવી બાળકીને રેસ્કયુ કરી હતી. બાળકી પિતાને જોઈને રડી પડી હતી.

### ભાઈની હત્યાનો બદલો લેવા તમંચો લઈ ફરતો યુવક પકડાયો

સુરતઃ SOGપોલીસે અડાજણ સરદાર બ્રિજ નીચે, નમસ્કાર સર્કલ પાસે વોચ ગોઠવીને શંકાસ્પદ હાલતમાં ઉભેલા અંકિત ઉર્ફે અંકુ ઈશ્વરભાઈ વળવી (ઉં.વ.૨૦, મજૂરી કામ, રહે., સિકોતર માતાના મંદિરની સામે, ડક્કા ઓવારા, અઠવા, સુરત, મૂળ કુકરમુંડા, જિ. તાપી)ને ઝડપી લીધો હતો. તેની તલાશી લેતાં પોલીસને તેની પાસેથી ૨૫,૦૦૦ ની કિંમતનો એક દેશી હાથબનાવટનો તમંચો મળી આવ્યો હતો. પોલીસે હથિયાર કબ્જે કરી આરોપીની અટકાયત કરી હતી. ૨૦ વર્ષનો અંકિત નાની ઉંમરે જ ગુનાખોરીના રસ્તે ચડી ગયો હતો. જેમાં તેની સામે અત્યાર સુધીમાં ચાર ગુનો નોંધાઈચૂક્યા છે. આ હથિયાર તેને કોણે આપ્યું હતું અને તે અન્ય કઈ પ્રવૃત્તિઓમાં સામેલ હતો.

# ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦: બે રીઢા ગુનેગારો ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં પકડાયા

**શેર** માર્કેટ અને ગોલ્ડ ટ્રેડિંગના નામે કરોડોની છેતરપિંડી આચરતી ગેંગના સાગરીતોની ધરપકડ

સુરતઃ ઓપરેશન મ્યુઅલ હન્ટ ૨.૦’ અંતર્ગત સુરત સાયબર ક્રાઈમ સેલને કરોડો રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડના બે જુદા-જુદા ગુનાઓમાં મોટી સફળતા સાંપડી છે. પોલીસ ટીમે ટેક્નિકલ વર્કઆઉટ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે શેર માર્કેટ તથા ગોલ્ડ ટ્રેડિંગના નામે લાખો રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી આચરી નાસતા ફરતા બે મુખ્ય સાગરીતોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ કમિશનની લાલચે બેંક ખાતાં ખોલાવી સાયબર ઠગોને વેચતા હતા.

### ૩૯૦% નફાની લાલચ આપી રૂ.૬ લાખની ઠગાઈ

પ્રથમ ગુનાની વિગત મુજબ સાયબર ઠગોએ એક ફરિયાદીના પુત્રને શેર માર્કેટ અને “Brd Fund 100 - Day Wealth Leap Program”’માં રોકાણ કરવાથી ૩૯૦ ટકા જેટલો મબલખ નફો મેળવવાની ખોટી લાલચ આપી હતી અને અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ.૫,૯૯,૦૦૦ ટ્રાન્સફર કરાવી ઓનલાઇન છેતરપિંડી આચરી હતી. જેમાં પંકજકુમાર રામજીભાઇ પાતાભાઇ રામાણી (ઉં.વ.૩૯) (રહે.,ઉમરા ગામ, વેલંજા, સુરત, મૂળ-જસદણ, રાજકોટ)ની ધરપકડ કરાઈ છે.

### એક્યુમેન ઇન્વેસ્ટમેન્ટના નામે ગોલ્ડ ટ્રેડિંગ ફ્રોડ

બીજા એક કિસ્સામાં ઠગોએ ફરિયાદીને પોતે ‘એક્યુમેન ઇન્વેસ્ટમેન્ટ કંપની’માંથી બોલે છે તેમ કહી બનાવટી વેબસાઇટની લિંક મોકલી આઇ.ડી. બનાવડાવી રૂ.૭,૮૬,૦૦૦ અલગ-અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરાઈ હતી. જેમાં પોલીસે આરોપી સંજય મોહનભાઈ જીવાભાઈ મારૂ (ઉં.વ.૪૦) (રહે.,બેહરામપુરા, અમદાવાદ, મૂળ-કુંકાવાવ, અમરેલી)ની ધરપકડ કરી છે. આ ગુનામાં આ કેસમાં આઇટી એક્ટની કલમ-૬૬(ડી) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ હતી.

# કચરાપેટીને લાત મારવા બાબતે યુવતીનાં કપડાં ફાડી નાંખ્યાં

**યુવતીને** માર મારનાર રજત સિંઘ સામે લાજ લેવાના પ્રયાસ સહિતના ગુના નોંધાયા

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં પડોશમાં રહેતા એક માથાભારે યુવકની હેવાનિયત સામે આવી છે.ડિંડોલી વિસ્તારમાં સુમુખ સર્કલ પાસે આવેલા ‘પ્રાયોશા બ્લિસ’ એપાર્ટમેન્ટમાં આ શરમજનક ઘટના બની હતી. ગત તારીખ ૧૩મી જૂનના રોજ સાંજના આશરે સાત વાગ્યાના સુમારે સોસાયટીમાં જ રહેતો રજત વિનય સિંઘ નામનો યુવક ઘરની બહાર નીકળ્યો હતો. રજત ત્યાં મુકેલા કચરાના ડબ્બાને કારણ વગર લાત મારી રહ્યો હતો. આ દ્રશ્ય સામે રહેતી એક યુવતી જોઈ ગઈ હતી. જેથી તે ઘરની બહાર આવી હતી અને રજતને પૂછ્યું હતું કે, તમે આવતા-જતા આ કચરાના ડબ્બાને કેમ લાત મારો છો? આટલી સામાન્ય વાત સાંભળતા જ આરોપી રજત સિંઘે યુવતી સાથે અત્યંત અભદ્ર ભાષામાં ગાળાગાળી શરૂ કરી દીધી હતી. એટલું જ નહીં, યુવતીને માનસિક ઠેસ પહોંચાડવા માટે ‘એટલે જ તારા હજુ સુધી લગ્ન થતા નથી’ તેવા અપમાનજનક શબ્દો ઉચ્ચારી સમાજમાં તેની આબરૂ વટાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ વાત આટલેથી ન અટકતા આરોપી રજતે યુવતી પર હિંસક હુમલો કરી દીધો હતો. તેણે યુવતીના વાળ પકડીને તેને રસ્તા પર ઢસડી હતી અને માથા તેમજ પીઠના ભાગે આડેધડ ઢીકમુક્કીનો ઢોર માર મારી કપડાં પણ ફાડી નાંખ્યા હતા. પોલીસે યુવતીની ફરિયાદના આધારે આરોપી રજત સિંઘ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.